# સેક્ટર-૫ અને ૩માં પાણીના પ્રશ્ને આંદોલન ચિમકી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં જેમ જેમ ઉનાળો તેનો રંગ જમાવતો જાય છે. તેમ પાણીની બૂમ સેકટરે સેકટરે, ઘરેઘરે સવારમાં ઊભી થવા પામી છે. મોટાભાગના તમામ ઘરોમાં પાણીનો ફોર્સ ઘટી જતાં પાણી પહોંચતું નથી તેવી બૂમરેગ ઊભી થવા પામી છે.

પરંતુ સવિશેષ સેકટર-૩ અને ૫ માં તમામ વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાનો કકળાટ ઊભો થયો છે. ગરમી અને લગ્નની સીઝનમાં ઓછું તથા છેલ્લા ચારપાંચ દિવસથી બિલકુલ પાણી મળતું નથી. તેવી ફરિયાદો વસાહતીઓ તથા આ વિસ્તારના ત્રણેય નગર સેવકોની રજૂઆત તથા ફરિયાદ તંત્રના બહેરા કાનેથી પાછી ફેકાઈ રહી છે.

તંત્ર પાણીના બીલો એકપણ દિવસનો વિલંબ કર્યા વગર પહોંચાડીને વેરો વસુલ કરવામાં સક્રિય હોય છે. પરંતુ પાણી પહોંચાડવામાં કુંભકર્ણની નિંદ્રામાં પડેલું છું. જેમ સમુદ્રમાં ટાપુ છુટા પાડે તેમ બંન્ને સેકટરોને પાણીના જોડાણો તથા દબાણથી છુટા પાડેલ છે.

સંબંધિત તમામ કચેરીઓ / અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં ઉડાઉ જવાબો લાઈન ખરાબ, મોટર બળી ગયેલ છે.

એ તાત્કાલિક ધોરણે સેકટર-૩ અને સેકટર- ૫ માં પીવાના પાણીની સમસ્યા દૂર કરવામાં નહિ આવે તો વોર્ડ નં-૧૦ (સેકટર-૩ અને ૫)ના નગર સેવક શ્રી રાકેશકુમાર મણીલાલ પટેલ, શ્રી શંકરલાલ ચૌધરી, શ્રી પરાગીબેન પંડ્યા એ ગાંધી રાહે સત્યાગ્રહ આંદોલન કરવામાં આવશે. લાગતી વળગતી કચેરીઓ સામે ખાલી બેડાઓ સાથેનો દેખાવો યોજવામાં આવશે. આમ છતાં થોડાક દિવસમાં પાણીનો પ્રશ્ન હલ નહિ થાય તો સામુહિક ઉપવાસ, ઘરણાંઓ સેકટર-૩ એને સેકટર-૫ના અબાલવૃદ્ધો જોડાશે. તેવો ભયંકર આક્રોશ આમ જનતામાં જણાઈ રહ્યો છે.

## ૧લી જાન્યુઆરી, ૨૦૦૬થી ૧૨મી એપ્રિલ, ૨૦૦૯ સુધીના નિવૃત્તોને છેલ્લા પગારના ૫૦ ટકા પૅન્શન મળશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળ અને પેન્શનર સમાજ દ્વારા કરેલી રજુઆતને આધારે જેની ૨૦ વર્ષ કે તેની ઉપર નોકરી હોય અને છેલ્લા પગારના ૫૦ ટકા પેન્શન મળતું ન હોય તેમને સરકારના નાણાં વિભાગના ઠરાવ પી.એસ.એન. ૧૦૦૯-૭૨૬ (૩૩૯/૨૦૧૨) તા. ૨૭ માર્ચ ૧૨ના આધારે ૫૦ ટકા પેન્શન આપવાના હુકમો થયેલા છે. ૧લી જાન્યુ ૨૦૦૬ થી ૧૨મી એપ્રિલ ૨૦૦ સુધીના નિવૃત્તોને છેલ્લા પગારના ૫ ટકા પેન્શન મળશે. જે તે વ્યકિતને ત્રણ માસની અંદર વિકલ્પ ભરી પોતાના ખાતા મારફત રીવાઈઝ પેન્શન કરાવી શકશે. તંત્રના આ નિર્ણયથી પેન્શનરોમાં આનંદ જોવા મળે છે.

સ્વૈચ્છિક નિવૃત્તોને પાંચ ઈજાફાનો લાભ ન મળ્યો હોય તેમને આ પરિપત્રથી લાભ મળશે. ત્રણ માસની અંદર વિકલ્પ ભરી જે વિભાગમાંથી નિવૃત્ત થયા હોય ત્યાં અરજી આપવાની રહેશે જેની પેન્શનરોએ નોંધ લેવી.

## સુશ્રૂત હોસ્પિટલ ખાતે હરસ, મસા, ભગંદરનો નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાશે

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરની પ્રેરણાથી અને ડૉ. અંકિતા પટેલના સંપૂર્ણ સહયોગથી તા. ૨૨મી એપ્રિલ ૨૦૧૨ને રવિવારના રોજ હરસ, મસા અને ભગંદરનો વિના મૂલ્યે મેડિકલ ચેક અપ કેમ્પ એફ ૩-૪, કૈલાસ સાગર કોમ્પ્લેક્ષ, સ્ટેટ બેંકની ઉપર, ઘ-૫ થી ૧૭-૨૨ની વચ્ચે, સેકટર-૨૨, સુશ્રૂત આયુર્વેદિક મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે સવારે ૮ થી ૪ કલાક દરમિયાન યોજાશે. હર, મસા અને ભગંદરના દર્દીઓમાં જરૂર જણાશે તો બીજે દિવસે તેઓનું ઓપરેશન કરી આપવામાં આવશે. જેઓએ અગાઉથી નામ નોંધણી કરાવી હશે તેઓએ સુશ્રૂત હોસ્પિટલ, સેકટર-૨૨ ખાતે સવારે ૮ કલાકે આવવાનું રહેશે. નિદાન કેમ્પનો લાભ લેવા ઈચ્છતા નાગરિકોએ નારણભાઈ આહિરનો મો.નં. ૯૪૨૯૪ ૨૫૧૫૩ અથવા નિલેન્દુ વોરાનો મો.નં. ૯૪૨૭૮૦૧૪૦૩ પર સંપર્ક સાધવો.





શેરથા મુક્તિધામના લાભાર્થે શ્રી શિવ મહાપુરાણ કથા ગુજરાતના પ્રસિદ્ધ કથાકાર પરમ પૂજ્ય કન્હૈયાલાલજી મહારાજે કથાનું રસપાન કરતા ધર્મપ્રેમી ગ્રામજનો તથા શિવ મહાપુરાણ કથા શિવજી પાર્વતીના લગ્નના પ્રસંગની ઝાંખી કરાવતી તસવીર.

## જી.આઈ.એસ.એફ.ના ત્રણ જવાનોએ મિત્રની દીકરીને રક્તદાન કરી માનવતાની મહેક પ્રસરાવી

ગાંધીનગર, તા. ૧૭

પરિસ્થિતિઓ અને સંજોગો બદલાય ત્યારે જ મિત્રતાનો ખરો કસોટીકાળ શરૂ થતો હોય છે. આવા કપરા સમયમાં સાથ આપનાર જ સાચો મિત્ર કહેવાય. આવી જ એક સત્ય ઘટના હમણાં બની હતી વાત એમ છે કે, ગાંધીનગરના ઉદ્યોગભવન ખાતે જી.આઈ.એસ.એફ.માં ફરજ બજાવતા બકાજી ચાવડાની દીકરી સોનલબાને સારા દિવસો જતા હોવાથી દીકરીને ઘરે તેડી લાવ્યા હતા.

તેમની દીકરીને એકાએક પેટમાં દર્દ ઉપડતાં અમદાવાદ સિવિલમાં લઈ ગયા હતા. ડૉક્ટરે નિદાન બાદ જણાવ્યું કે, ચાર બાટલા લોહીની જરૂર છે આ સવાલથી બકાજી ચાવડા મૂંઝાઈ ગયા હતા.સત્વરે ઉદ્યોગભવન ખાતે તેમના મિત્ર ફૂલસિંહ મકવાણાને મોબાઈલ ફોન પર થોડાક શબ્દોની આપ-લે થઈ અને ફૂલસિંહ આખી ઘટના સમજી ગયા અને ક્ષણનો પણ વિલંબ કર્યા વગર મિત્ર બકાજીને મદદ કરવા ફૂલસિંહ સોમાજી મકવાણા સિવરાજસિંહ દિપસિંહ ભાભોર અને રોહીત કાન્તિભાઈ ચૌહાણ આ ત્રણે જી.આઈ.એસ.એફ.ના જવાન મિત્રો અમદાવાદ સિવિલ ખાતે પહોંચી ત્રણ બાટલા લોહી આપી મિત્ર બકાજી ચાવડાના દુઃખમાં સહભાગી બન્યા હતા અને માનવતાનો ધર્મ બજાવવાની ખુશી વ્યક્ત કરી હતી.

## વસાહત મંડળ સે. ૧૬માં ઝોન પ્રમાણે સફાઈ ઝૂંબેશ ચાલશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેકટર-૧૬ના વસાહત મંડળ અને મહાનગરપાલિકાના સહયોગથી સેક્ટર-૧૬માં ઝોન પ્રમાણે સફાઈ ઝૂંબેશ કરવા અંગેનું આયોજન ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિના શુભ દિને કરવામાં આવ્યું હતું. સેક્ટરને સ્વચ્છ બનાવવા વસાહતી ભાઈ બહેનોને યોગ્ય સહકાર આપવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

વસાહતમંડળ સેક્ટર-૧૬ ગાંધીનગરનાં પ્રમુખ રાજન રશ્મિન મહામંત્રી રવીભાઈ મકવાણા તથા હોદ્દેદારો સર્વશ્રી કૃષ્ણકાંત દિક્ષીત, એમ.વી. ચાવડા, ભાનુભાઈ પી. મકવાણાએ સંયુક્ત અખબારીયાદીમાં જણાવે છે કે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ તા. ૧૪ એપ્રિલ-૨૦૧૨ના રોજ આરોગ્યલક્ષી સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ મહાનગરપાલિકા ગાંધીનગરનાં તથા વસાહત મંડળ સેક્ટર-૧૬નાં સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. જેમાં સમગ્ર સેક્ટરની સફાઈ ઝોન પ્રમાણે કરવામાં આવશે. આ સ્વચ્છતા અભિયાનમાં નગરપાલિકા ગાંધીનગરનાં અધિકારી આર.જી. પટેલ, પક્ષનાં નેતા, કોર્પોરેટર ચિમનભાઈ વિંઝુડા, કોર્પોરેટર જીતુભાઈ રાયકા, મીનાબેન વાઘેલાએ અંગત રસ દાખવી સેક્ટરને સ્વચ્છ બનાવવા સાથ અને સહકાર આપી કામગીરી હાથ ધરી છે.

વસાહતી ભાઈબહેનોને પણ કચરો ગમે ત્યાં ન ફેંકવા અને સ્વચ્છતા જાળવવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

## રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા રોગનિદાન - રક્તદાન કેમ્પ ૨૨મીએ

ગાંધીનગર, તા. ૧૭

શ્રી રાજપુત સમાજ સેકટર-૧૨ ગાંધીનગર સ્થિત શિવશક્તિ મંદિરના વાર્ષિક પ્રતિષ્ઠા દિને શ્રી રાજપુત સમાજ ગાંધીનગર તરફથી તા. ૨૨મી એપ્રિલના સવારે ૯ થી ૧ વાગ્યા દરમિયાન રૂદ્રાક્ષ હોસ્પિટલ નરોડા, અમદાવાદ તથા ગાયત્રી પરિવાર ગાંધીનગર, જુનીયર સીટીઝન કાઉન્સીલના સહયોગથી પ્રજામાં હૃદયરોગ અંગેની જાગૃતિ આવે તે હેતુથી નિઃશુલ્ક ઈ.સી.જી., ડાયાબીટીસ, અન્ય રોગનિદાનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. રેડક્રોસ અમદાવાદના સહયોગથી રકતદાન શિબિરનું પણ આયોજન કરેલ છે. તો લોકોએ લાભ લેવા સંસ્થાના પ્રમુખશ્રી વનરાજસિંહ ચાવડાએ અપીલ કરલે છે.

## આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

રામચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના પાઠનું આયોજન ગાંધીનગરના સેકટર-૪ બી ખાતેના પ્લોટ નં. ૩૮૮/૧, રામાનુજ પરિવારના યજમાન પદે આજે સવારે ૯ કલાકે તથા પ્લોટ નં. ૨૦૫, સહકાર કોલોની, સેકટર-૨૫, કોલવડા રોડ ખાતે સાધુ પરિવારના યજમાન પદે રાત્રે ૮.૩૦ કલાકે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે કરવામાં આવ્યું છે.

## આજે સહકાર કોલોની ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

સ્વર્ગસ્થ નાનકદાસ ઓધવદાસ સાધુની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે પ્લોટ નં. ૨૦૫, સહકારી કોલોની, કોલવડાનગર રોડ, સેક્ટર-૨૫, ગાંધીનગર ખાતે આજે તા. ૧૮મી એપ્રિલને ૨૦૧૨ના રોજ રાત્રે ૯ કલાકે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે રામચરિત્ર માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે.

## પાડોશીની વારતા આગળ જતાં નોખી ઘણી પડશે પાડોશીની વારતાની છો અહીં શરૂઆત સરખી છે !

સંબંધ સજાવે જિંદગી

**પહેલો સગો પાડોશી**

- સંજય થોરાત
gsrelation@yahoo.com

ગાંધીનગરનાં સે. ૧૫માં આવેલી વિજ્ઞાન પ્રવાહની માધ્યમિક શાળામાં ૧૯૮૪ની સાલમાં પ્રિન્સીપાલ તરીકે ભાલચંદ્ર ગો. જોષી સાહેબ આવ્યાં. એમણે એમનાં દિકરા નિમિષને એજ સરકારી શાળામાં ધો. ૧૧માં પ્રવેશ આપ્યો. સરકારી શાળામાં નિમિષનાં અનેક મિત્રો બન્યાં જે પૈકીનાં ચાર જણા તો આજેય પરિવારીક સંબંધો રાખી મૈત્રીની ગાંઠ મજબુત બનાવીને બેઠાં છે !!

લોહીની સગાઈનાં સંબંધો અને લાગણીથી સિંચેલા અને સાચવેલાં સંબંધો કેટલીકવાર આપણાં જીવનમાં લોહીની સગાઈ સિવાયનાં સંબંધો વધુ ઉપયોગી નિવડતાં હોય છે અને આવું જ આ નિમિષ જોષીની કહાનીમાં બન્યું છે... નિમિષનાં એક સ્કૂલી ફ્રેન્ડ દિનેશ ગજ્જર મેડિકલમાં પ્રવેશ મેળવી ડૉક્ટર બની ગયાં. મિત્રો તો બંન્ને હતાં જ પણ અભ્યાસ અને કરિઅરમાં બંન્ને કેટલાંક વર્ષો અપલક મળતાં... નિમિષભાઈ મેકિનીકલ એન્જિનિયર બની અમદાવાદ નોકરીએ લાગ્યા તો ડૉ. દિનેશભાઈ ગજ્જર ઈ.એસ.આઈ.એસ. ની હોસ્પિટલમાં કલોલમાં સેવામાં લાગી ગયાં...

સે. ૧૫ની માધ્યમિકનાં આચાર્ય પછી તો પ્રમોશન લઈ શારીરીક શિક્ષક નિરીક્ષકની સરકારી સેવાઓ બજાવી નિવૃત્ત થઈ સે. ૩-સીમાં સ્થાયી થયાં... ડૉ. દિનેશભાઈએ પણ સે. ૩-એ માં મકાન ખરીદતાં આજથી દસ વર્ષ પૂર્વે આ જૂના મિત્રો ૫૦૦ મી. અંતરે પાડોશી બની ગયાં... આમ તો નિમિષભાઈના આજુબાજુમાં અડીને આવેલા પાડોશીઓ દિલીપભાઈ સુથાર, મનીષભાઈ ભાવસાર, અતુલભાઈ ભાવસાર, અમીતભાઈ ગાંધી, કેતનભાઈ સુથાર દરેક પરિવારો એક બુમ પડે ને હાજર થઈ જાય અને વસંતમાં ખીલેલી આમ્રમંજરી જેવી માદક ખુશ્બુ ફેલાવે છે !!

આધ્યાત્મિક અને ધાર્મીક વારસાને લઈને ગાંધીનગરને સાસરૂ બનાવનાર ભક્તિબેન નિમિષનાં ધર્મપત્નિ તો 'ગામમાં જ પિયરીયું અને ગામમાં જ સાસરીયું' જેવાં રશ્મિબેન ડૉ. દિનેશભાઈનાં જીવનસંગીની... 'સીતા ઔર ગીતા' જેવી રશ્મિબેન અને ભક્તિબેનની જોડી, બંન્નેના પતિ તો મિત્રો હતાં જ પણ આમણેય એ મૈત્રીને વધુ પાક્કી કરી નાખી. બન્ને એકબીજાનાં પરિવારને પૂરક સાબીત થયાં, ભક્તિબેનને ત્યાં ગણપતી, હળદીકંકુ કે ભજનનો કાર્યક્રમ હોય રશ્મિબેન ખડેપગે સેવામાં હાજર જ હોય. રશ્મિબેન-ભક્તિબેન અંગ્રેજી સ્પોકન ક્લાસ કરવાંય સાથે જ જાય !!

નિમિષ-ડૉ. દિનેશ પાછા બંન્ને એટલાં ભાગ્યશાળી કે બંન્નેના ઘરે સંતાનમાં એક-એક લજામણીનાં છોડ જેવી દિકરીઓ, ઉંમરનું અંતર માત્ર બે મહિનાનું એટલે નૈસર્ગી અને ટ્વીંકી બંન્ને બહેનપણી બની ગઈ... નૈસર્ગી ડાન્સમાં ગાંધીનગરમાં પ્રખ્યાત, સ્ટેજ શૉ હોય કે કલ્ચરલ ફોરમનાં ગરબાં નૈસર્ગીની નોંધ અખબારોમાં જ આવે જ, સોબત એવી અસરનાં નાતે ટ્વીંકી પણ ગરબે ઘુમવા લાગી... ટ્વીંકી ભણવામાં તેજ, પણ એકવાર સંસ્કૃતમાં ગૂંચવાઈ ગઈ ને નૈસર્ગીના દાદાએ એમનાં જ્ઞાનથી ઉગારી લીધી... ડૉ. દિનેશભાઈ આ બંન્ને દિકરીઓને ગણિતનાં અઘરાં દાખલાને સહેલા કરી શિખવી દે છે અને નૈસર્ગી-ટ્વીંકી સાથે નવાં આવેલાં મુવી જોવાંય ખુશીથી નીકળી પડે છે !!

આ સ્ટોરીના શિર્ષક અનુસાર 'પાડોશીની વારતા આગળ જતાં નોખી ઘણી પડશે' એવો ટ્વીસ્ટ હવે આવી રહ્યો છે... નિમિષભાઈ જોષીનાં મમ્મી સરલાબેન સામાજીક કાર્યાર્થે પૂના ગયેલાં ત્યાં બજારમાં ખરીદી કરવાં નીકળતાં અચાનક ડાબી બાજુના છાતીએ દુઃખાવો ઉપડ્યો, એમનાં સગાં એવાં ડૉક્ટર હાથવગાં જ હતાં. તાત્કાલિક હોસ્પિટલ લઈ જઈ તપાસ કરાવતાં પ્રાથમિક તબક્કાનું બ્રેસ્ટ કેન્સર ડિટેક્ટ થયું અને ત્યાંના ડૉક્ટરોએ ગભરાઈ માર્યા કે તાત્કાલિક ઓપરેસન કરવું પડશે, માનસીક મજબુત એવાં સરલાબેન પહેલીવાર ભાંગી પડ્યા અને જિંદગીમાં પહેલીવાર એમનું બી.પી.કંટ્રોલ બહાર જતું રહ્યું !!



પૂનાની ખબર ગાંધીનગર પુત્ર સુધી પહોંચી અને પુત્ર નિમિષભાઈએ ૧૦૮ની સેવા જેના એમનાં મિત્ર ડૉ. દિનેશભાઈને હકિકતથી વાકેફ કર્યા, સરલાબેનને ગાંધીનગર બોલાવી લીધાં અને હવે પુત્રની જગ્યાએ મિત્રએ આ મમ્મીની ઓપરેશનની તૈયારી કરી લીધી... ગાંધીનગરનાં નિષ્ણાંત ડૉ. ડી.ડી. પટેલે ચેલેન્જ સ્વિકારી આ પ્રાથમિક તબક્કાનાં કેન્સરનાં ઓપરેશન પર કાબુ મેળવી સરલાબેનને ભયમૂક્ત કરી દીધાં... આ સમગ્ર કામ ડૉ. દિનેશભાઈએ ખંત અને બાહોશીથી કરી પાડોશી-મિત્ર પરિવારનાં મુખ્ય સભ્ય એવાં સરલાબેનની લાઈફ લાઈન લાંબી કરી દીધી...

સરલાબેનની ગાડી પાટા પર ચઢી ત્યાં નિમિષનાં પપ્પા ભા.ગો. જોષીજીનાં હાથ પર તવાઈ આવી અને સર્જન ડૉક્ટરે હાથ કાપવો પડશે એવાં કડવાં વેણ કહી દીધાં, ફરી એકવાર ડૉ. દિનેશ ગજ્જર સંકટ મોચન બનીને જોષી પરિવારનાં મુખ્ય હાથા સમાન વડિલ જોષીભાઈનાં હાથ સલામત રહે એમાં અનન્ય યોગદાન આપ્યું.... આ બંન્ને કિસ્સાથી નિમિષભાઈ બહુ દઢપણે માને છે કે આવો મજબુત મિત્ર મારી પાડોશમાં ના હોત તો હું મારા માતા-પિતાની દશા કલ્પી શકતો નથી !!

ગાંધીનગરમાં એક માર્ગ અકસ્માતમાં ડૉ. દિનેશભાઈના એક બુઝુર્ગ પરિચીત પુષ્કળ ઘવાયેલાં અને એમનાં ઓપરેશન અને અન્ય વ્યવસ્થાનાં કારણે તેઓ અત્યંત વ્યથિત હતાં. અને એવામાં નિમિષભાઈએ એમની બધી ચિંતા-વ્યાધી દૂર કરવામાં દિવસ-રાત એક કરી નાંખ્યા અને જે દિવસે સવારે પેલાં વડિલનું ઓપરેશન હતું એ જ દિવસે ડૉ. દિનેશભાઈનો જન્મદિવસ હતો... નિમિષભાઈ-ભક્તિબેને ડૉક્ટરને ખબર નાં પડે એમ સરપ્રાઈઝ કેક લાવીને ડૉ. દિનેશભાઈના ઘરે ગોઠવી દીધી અને પરિવાર સાથે એમને વધાવવાં હાજર રહ્યાં.... અકસ્માતનાં આઘાતથી વ્યથિત એવાં ડૉ. દિનેશભાઈને આવી સરપ્રાઈઝ બર્થડે વિશથી એમની આંખોમાં ઝળહળીયાં આવી ગયાં અને આવો સારો મિત્ર અને સુંદર પરિવારની પીઠબળથી એક ઘાત ટાળ્યાથી એ પોરસાઈ ઉઠ્યાં...

કેટલાંક સંબંધો ઓફિસ ફ્લાવર્સ જેવાં હોય છે, સવારે ખીલે અને સાંજના બિડાઈ જાય, નિમિષ જોષી અને ડૉ. દિનેશ ગજ્જરે એકબિજાને પુરક બની સંબંધોની પરિભાષા જ બદલી નાંખી છે.. અને હા મજાની વાત તો એ છે કે જોષી પરિવાર મરાઠી છે જ્યારે આપણાં ડૉ. દિનેશભાઈ ગુજરાતી !! પ્રેમ અને સંબંધમાં ક્યાં કોઈ વાડાઓ આડા આવે છે ?!

**નિમિષ જોષી અને ડો. દિનેશ ગજ્જરના મૈત્રી અને પાડોશીના સંબંધો ગુલમહોર કે ગરમાળા જેવા ભર ઉનાળામાં આંખોને ઠંડક અને જીવનને દિશા આપે તેવા ખીલ્યા છે**

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭
સૂર્યાસ્ત : ૦૭.૦૧

### તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૧ ટકા ● સાંજે ૨૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨ :૧.૪૫, ૪.૪૫,૧૦.૧૫
બેટલશીપ (અંગ્રેજી) : ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૧.૧૫

**સ્ક્રીન-૩ :** બીટ્ટુ બોસ :૧૨.૦૦
બેટલશીપ (હિન્દી) : ૨.૩૦, ૫.૦૦, ૧૦.૩૦
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦

**સ્ક્રીન-૪ :** છોડો કલ કી બાતે : ૧૨.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧.૪૫, ૭.૩૦
બીટ્ટુ બોસ :૧૦.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૧૦.૩૦

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૩૦, ૨.૧૫, ૯.૩૦
છોડો કલ કી બાતે / ટાઈટેનીક ૩-ડી(હિન્દી) : ૬.૦૦

**સ્ક્રીન-૨ :** હાઉસ ફૂલ ૨: ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** બેટલશીપ (હિન્દી) : ૯.૦૦
હાઉસ ફૂલ ૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

**સ્ક્રીન-૪ :** બીટ્ટુ બોસ : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫
બેટલશીપ (હિન્દી) : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

**સૂર્યા, વાવોલ**

બ્લડમની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રીત ઝૂકે નહી સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : વિવાદિત અને લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલ વિશેષ યાત્રા પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. વેપાર ક્ષેત્રમાં નવા રોકાણો થઈ શકે છે. સમય શુભ

**વૃષભ** : નાણાંકીય બાબતોમાં કાળજી રાખવી. વેપાર- નોકરી ક્ષેત્રમાં વડીલોનું માર્ગદર્શન ઉપયોગી સાબિત થઈ શકે છે. કૌટુંબિક જીવનમાં કોઈની લાગણી ન દુભાય તેનું ધ્યાન રાખવું.

**મિથુન** : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા થઈ શકે છે. આધ્યાત્મિક, ધાર્મિક બાબતો તરફ તમે પ્રયાણ કરશો.

**કર્ક** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ આવી શકે છે. યાત્રા -પ્રવાસમાં સાવધાની રાખવી. કૌટુંબિક જીવનમાં વિખવાદ ન ઉભો થાય તેનું ધ્યાન રાખવું. દિવસ શાંતિથી પસાર કરવો.

**સિંહ** : નવા આર્થિક સ્રોત ઉભા થઈ શકે તેમ છે. વ્યાપારિક ભાગીદારીમાં લાભ મળી શકે છે. શિક્ષણ-વ્યાપાર ક્ષેત્રે પ્રગતિ કારક સમય બની રહેશે.

**કન્યા** : ધૈર્ય રાખી વેપાર ક્ષેત્રના કાર્યો પૂર્ણ કરવા.નવા આયોજન માટે રાહ જુઓ. ધાર્મિક બાબતો તરફ તમે પ્રેરાશો. વિદ્યાર્થીઓ માટે પ્રગતિકારક દિવસ રહે.

**તુલા** : ભૌતિક સુખ-સુવિધામાં વધારો થતો જણાય. કુટુંબીજનો સાથે આનંદપ્રમોદથી દિવસ પસાર થઈ શકે છે. અધ્યાત્મ- ધર્મ તરફ તમે પ્રેરાશો.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન આવી શકે છે. ભાગ્યવર્ધક યાત્રાઓ સંભવિત ધર્મ આધ્યાત્મ સંબંધી ગૂઢ શોધનો તરફ તમે આગળ વધશો.

**ધન** : શુભ માંગલિક કાર્યમાં તમે જોડાશો. વારસગત મિલકત તમને મળી શકે છે. શારીરિક સ્વાસ્થય સંબંધિ બાબતોમાં ધ્યાન રાખવું.

**મકર** : શિક્ષા, મિત્રવર્ગ સંબંધી કાર્યોમાં બાબતોમાં સમય પસાર થઈ શકે છે.ય વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં પ્રવાસ થઈ શકે છે.

**કુંભ** : પદ, મકાન, વાહન સંબંધી બાબતોમાં લાભ પ્રાપ્તિ થઈ શકે છે. ઉચ્ચસ્તરીય વાહન સુખ પ્રાપ્તિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધ બની રહે.

**મીન** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ભૌતિક સુખ પ્રાપ્તિ થઈ શકે છે. વિદ્યાર્થીઓનું મન ભણવાનાં લાગશે. કૌટુંબિક વિખવાદ- મતભેદ દુર થઈ સુમેળ ભર્યા બની શકે છે.

## નિઃશુલ્ક ટેક્વોન ડો તાલીમ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેકટર-૨૨ ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળા અને સેકટર-૭ ખાતેના બગીચે તા. ૧૭મી એપ્રિલથી ૨૧મી એપ્રિલ દરમિયાન નિઃશુલ્ક ટે-ક્વોન-ડો તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ વિદ્યાર્થીઓ લઈ શકશે.

ગાંધીનગર ડીસ્ટ્રીક ટે- ક્વોન-ડો એસોસિએશન દ્વારા શહેરના બાળકો, યુવાનો અને દરેક ઉંમરના ભાઈઓ- બહેનો પોતાનો સ્વ-બચાવ કરી શકે અને પોતાનામાં રહેલી આંતરીક તેમજ બાહ્ય શક્તિનો વિકાસ કરી શકે તે હેતુ સહ તા. ૧૭ થી ૨૧ મી એપ્રિલ સુધી બગીચા, શાળા, સંદેશ સમાચાર નજીક, સેકટર-૨૨ ખાતે સાંજે ૬.૦૦ થી ૭.૦૦ કલાક દરમિયાન નિઃશુલ્ક કરાટે (ટે- ક્વોન-ડો) સ્વ-રક્ષણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એક્સસાઈઝ, સ્વ-બચાવની પ્રવૃત્તિ, વિવિધ હેન્ડ, લેગ, ટેકનિકસ માર્શલ આર્ટ વિશે માહિતી તેમજ ધ્યાન જેવી પ્રવૃત્તિ કરાવવામાં આવશે. શિબિરના અંતિમ દિવસે શિબિરાર્થીઓને સંસ્થા દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.